# Day to Day Current Affairs

**13. ઓક્ટોબર 2015**

## ૧. અર્થશાસ્ત્રનું નૉબેલ પ્રાઇઝ :

- સ્કોટલેન્ડના ઍંગસ ડીટનને 2015ના અર્થશાસ્ત્રના નૉબેલ પારિતોષિકથી નવાજવામાં આવ્યા.

- તેમને આ પુરસ્કાર ખર્ચ, જનકલ્યાણ અને ગરીબીના વિશ્લેષણ માટે આપવામાં આવ્યો છે.

- તેમના રિસર્ચથી જનકલ્યાણને પ્રોત્સાહન આપવામાં અને ગરીબી ઘટાડવાની નીતિઓ બનાવવામાં મદદ મળી છે.

- ડીટન હાલમાં અમેરિકાની પ્રિન્સટન યુનિવર્સિટીમાં પ્રોફેસર છે.

- પુરસ્કાર રૂપે તેમને 6.3 કરોડ રૂપિયા મળશે.

## ૨. ભારત – ચીન સંયુકત સૈન્ય અભ્યાસ :

- આતંકવાદનો સામનો કરવા માટે ભારત અને ચીનના સૈન્યોએ 12 ઓક્ટોબરથી ચીનના કર્નમંગ શહેરમાં પાંચમો વાર્ષિક આંતકવાદ વિરોધ સૈન્ય અભ્યાસ શરૂ કર્યો.

-10 દિવસ સુધી ચાલનાર આ સૈન્ય અભ્યાસ દરમિયાન બંને દેશ આંતકવાદ વિરૂધ્ધ પોતે કરેલી વિવિધ કાર્યવાહીમાં મળેલી સફળતાના અનુભવોનું આદાન-પ્રદાન કરશે.

- ભારત તરફથી આ સંયુકત અભ્યાસમાં પહેલી વાર લશ્કરની નાગારેજીમેન્ટના જવાનો સામેલ થયા છે.

## 3. પંચાયતીરાજ વ્યવસ્થામાં દેશના 25 રાજ્યોમાં ગુજરાત 16માં ક્રમે :

- કેન્દ્રના પંચાયતીરાજ મંત્રાલયે વર્ષ 2014 -2015 માટે પંચાયતીરાજ વ્યવસ્થા માટે દેશના 25 રાજ્યનો રિપોર્ટ તૈયાર કરાવ્યો.

- જેની અંદર ફંકશન, ફંકશનરીઝ અને ફાઇનાન્સ જેવા ત્રણ મહત્વના મુદ્દા ઉપરાંત માળાખાકીય સુવિધા, શાસન, પારદર્શિતા, નીતિમાં વહેંચણી જેવા મુદ્દા સંદર્ભે જે તે રાજ્યમાં થયેલી કામગીરીનું મુલ્યાંકન તૈયાર થાય છે.

- મુંબઇની ટાટા ઇન્સ્ટિટયુટ ઓફ સોશિયલ સાયન્સીસ દ્વારા તૈયાર કરાવેલ રિપોર્ટ મુજબા ગુજરાતની પંચાયતીરાજ સંસ્થાઓ કાર્ય હાથ ધરવાની બાબતમાં 18માં ક્રમે, કર્મચારીઓ દ્વારા થતાં કામોની બાબતમાં 19ક્રમે અને પંચાયતોમાં 11માં ક્રમે તેમજ ઇન્ફ્રસ્ટ્રકચર – ગવર્નન્સ અને ટ્રાન્સપરન્સીની બાબતમાં 11માં ક્રમે રહી છે.

- રિપોર્ટ મુજબ ગુજરાતની સરેરાશ સ્થિતી 16માં ક્રમની છે.

- આ રિપોર્ટમાં કેરળ, કર્ણાટક અને મહારાષ્ટ્ર અનુક્રમે પ્રથમ, દ્વિતિય અને તૃતિય સ્થાન પર છે.

-પંચાતયરાજ વ્યવસ્થા અંગે 2004થી DI તૈયાર કરવાનો નિર્ણય થયેલ છે.

- દર વર્ષે આ રિપોર્ટ તૈયાર કરી રાજ્યોને રેન્કિંગ અપાતું હોય છે.

- આ રિપોર્ટમાં પંચાયતોમાં કર્મચારીઓ કામ કરે છે કે કેમ ? રાજ્યો દ્વારા નિર્દિષ્ટ 29 વિષયો પંચાયતોને સોંપાયા છે કે કેમ ? તેમજ કઇ રીતે અને કેટલા નાણા પંચાયતોને સોંપવામાં આવે છે તે બાબત મૂલ્યાંકનમાં આવરી લેવાય છે.

Vivekanand Academy Gandhinagar